# ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, (સાંજ) અમદાવાદ

## સ્વચ્છતા જાગૃતિ અભિયાન

12/01/2023

ભારતની આઝાદીના અમૃત મહોત્સવ તથા G-20 અંતર્ગત ભારત સરકાર દ્વારા સમગ્ર ભારતમાં સ્વચ્છતા જાગૃત્તિ અભિયાન હાથ ધરવામાં આવેલ છે. આ સ્વચ્છતા જાગૃતિ અભિયાન અંતગર્ત પ્રજા સ્વચ્છતા અંગે સભાન બને તે હેતુતી સરકારશ્રી દ્વારા ગ્રામ પંચાયત થી લઇ મહાનગરપાલિકા સુધી સ્વચ્છતા મેરેથોન, નો પ્લાસ્ટિક યુઝ, સુકો કચરો ભીનો કચરો, સ્વચ્છતા અંગે પોસ્ટર પ્રદર્શન, નિબંધ સ્પર્ધા, સ્વચ્છતા ક્વિઝ વગેરે જેવા કાર્યક્રમો કરવામાં આવેલ છે.



અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા અમદાવાદ શહેરના વિવિધ વોર્ડમાં સ્વચ્છતા અભિયાન જાગૃતિ સંદર્ભે નાગરિકોમાં સુકો કચરો અને ભીનો કચરો કઇ રીતે અલગ કરી શકાય તે માટે અને ખાસ કરીને બહેનોમાં આ અંગે જાગૃતિ આવે તે હેતુથી નુક્કડ નાટક તથા સ્વચ્છતા જાગૃત્તિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ મહાનગરપાલિકાના આ ઉત્તમ કાર્યમાં યથાશક્તિ યોગદાન આપવા માટે શાળા-કોલેજોને આહ્વાન કરવામાં આવ્યું હતું. અમદાવાદ મહાનગરપાલિકાના આ સેવાકાર્યમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપવા માટે ગુજરાત આર્ટસ અને કોમર્સ કોલેજ (સાંજ) અમદાવાદના NCC, NSS અને Eco Clubએ તૈયારી દર્શાવી હતી.



ગુજરાત આર્ટસ અને કોમર્સ કોલેજ (સાંજ) અમદાવાદના NCC, NSS અને Eco Clubને અમદાવાદ મહાનગરપાલિકાના યુસીડી વિભાગ દ્વારા દક્ષિણ પશ્ચિમ ઝોનના જોધપુર, સરખેજ,

Scanned with CamScanner

વેજલપુર અને મકતમપુરા વોર્ડમાં નુક્કડ નાટકના માધ્યમથી સ્વચ્છતા જાગૃતિ અભિયાનની કામગીરી આપવામાં આવેલ હતી. NCCઅનેNSSની નીચે મુજબની વિદ્યાર્થીઓએ નુક્કડ નાટકની તાલીમ લઇ સ્વચ્છતા જાગૃતિ અભિયાનમાં પોતાનું મહત્વનું યોગદાન આપ્યું હતું.

1. વણકર રાની
2. રાજપૂત તનુ
3. ખડગે પ્રિયાસી
4. શેખ મહેનબીન
5. રાજપૂત મહિમા
6. પાન્ડે શીખા
7. તિવારી સ્નેહા
8. વછેટા નિમિષા
9. માધવાની પ્રેરણા



ઉપરોક્ત વિદ્યાર્થીનીઓએ તા.10/01/2023ના રોજ જોધપુર વોર્ડમાં, તા.11/01/2023ના રોજ સરખેજ વોર્ડમાં, અને તા.12/01/2023ના રોજ વેજલપુર મક્તમપુરા વોર્ડમાં નુક્કડ નાટક દ્વારા સુકો કચરો અને ભીનો કચરો કઇ રીતે તારવીને અલગ કરવાની સુંદર માહિતી આ વોર્ડના નાગરિકોને આપી હતી. વિદ્યાર્થીનીઓની આ કામગીરીને અમદાવાદ મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ, કોલેજના આચાર્યશ્રી,NCC, NSS અને Eco Clubના કો-ઓડિનેટરશ્રી દ્વારા બિરદાવવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓએ પણ અન્ય વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરતા પોતાને થયેલ એક નવીન પ્રકારના અનુભવોને યાદ કરી ભવિષ્યમાં આવા કાર્યક્રમોમાં ભાગ લેવાનું જણાવ્યું હતું.

કો-ઓડિનેટર
એ.એન.ઓ ઓફિસર -
એન.એસ.એસ. પ્રોગામ ઓફિસર -
ઇકો ક્લબ કો-ઓડિનેટર -

આચાર્યશ્રી
ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (સાંજ)
અમદાવાદ

Scanned with CamScanner